Vol. 03, Issue 02, September 2021
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info… www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

# "ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય માં ગઢશીશાનો કિલ્લો"

**Chauhan Vipulkumar Bhikhabhai**
Ph.D. Research Scholar - Gujarat Vidhyapith, Ahmedabad
Email : vipulchauhan41@gmail.com

સારાંશ

**"ભોમિયો વિના મારે ભમવા તા ડુંગરા, જંગલની કુંજકુંજ જોવી હતી.**
**જોવા તા કોતરો ને જોવી તી કંદરા, રોતા ઝરણાની આંખ લ્હોવી હતી.?"**

- ઉમાશંકર જોશી

ઉપરોક્ત કાવ્ય પંક્તિ માં કવિ પ્રવાસી અને પ્રવાસ વિશે ઘણું કહી જાય છે. પ્રવાસના માનવ જીવનનું એક અભિન્ન અંગ બની ગયું છે. આજના યંત્રવત જીવનમાં સતત કામની વ્યસ્તતા, ચિંતા, દોડધામ વગેરેને કારણે માનવ જીવન નિરસ બની ગયું છે. જીવન સતત તનાવ અને દબાણમાં જીવન પસાર કરી રહ્યો છે. સતત કામ ની પાછળ દોડ્યા કરે છે.

આવા યંત્રવત જીવનથી છુટકારો મેળવવા તે પ્રવાસનો આશરો લે છે. તે પછી ધાર્મિક, ભૌગોલિક, ઐતિહાસિક સંશોધનનો કે આનંદ મજા ના હેતુ થી પણ પ્રવાસ કરે છે. અને ચીલાચાલુ જીવનમાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન પણ કરે છે. ક્યારેક તે કુદરતના ખોળે સાગર, નદી, સરોવર કે જંગલો ના પ્રવાસે જાય છે કે પછી સાહસિક આનંદ મેળવવા ડુંગર, પર્વતોના પ્રવાસનું આયોજન પણ કરે છે. તો ક્યારેક ધર્મ, આસ્થા ના કારણે તે ધાર્મિક પ્રવાસો નું પણ આયોજન કરે છે.

પ્રવાસની એકધાર અને દોડધામ ભર્યા જીવનચક્રમાં પરિવર્તન આવે છે અને તેને કામ કરવાની નવી ઉર્જા પણ મળે છે. તેનું મન પ્રફુલિત અને આનંદી બને છે.

કચ્છને કુદરતે મુક્ત હસ્તે બક્ષીસ આપી હોય તેમ સુંદર દરિયા કિનારો, અફાટ રણ પ્રદેશ, ડુંગરો, નદીઓ તથા વિશાલ ભૌગોલિક પ્રદેશ આવ્યો છે. કચ્છ એક આગવી વિશેષતા ધરાવતો પ્રદેશ છે. કુદરતે તેને કાચબા જેવો આકાર આપ્યો છે. જેના પરથી તેનું નામ "ભૃગુ કચ્છ" પડ્યું. માંડવીનો સુંદર દરિયા કિનારો, ધોરડોનું સફેદ રણ, ભુજનો ડુંગર જેવા કુદરતી ભેટના કારણે કચ્છ પ્રવાસન ક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવે છે. જેથી કહેવાયુ છે કે.....

**"શિયાળે સોરઠ ભલો, ને ઉનાળે ગુજરાત,**
**ચોમાસે વગડ ભલોને, ને મારો કચ્છડો બારે માસ.."**

**મુખ્ય શબ્દો :** પ્રવાસન વ્યાખ્યા, ગઢશીશા કિલ્લો, સ્થાપત્ય

**પ્રસ્તાવના :-**

આજનું માનવજીવન ખુબ જ વ્યસ્તતા અને યંત્રવત બની ગયું છે. ત્યારે માનવી પોતાના આ રોજીંદા જીવનમાંથી સમય નીકળી પ્રવાસ પર્યટનનું આયોજન કરે છે અને પોતાના નીરસ તથા કંટાળાજનક જીવનમાં આનંદનો લ્હાવોના પ્રયત્ન કરે છે.

માનવી ક્યારેક નવા સંશોધન માટે ક્યારેક નવું જોવા કે જાણવા માટે ક્યારેક સાહસિક પ્રવૃત્તિ સબબ તો ક્યારેક કુદરતના સૌદર્યને નિહારવા માટે ક્યારેક મોજ મજા આનંદ મેળવવા પણ પ્રવાસ નું આયોજન કરે છે. વિશ્વમાં આજે કેટલાક સ્થળોના ઉત્તમ પ્રવાસન સ્થળો તરીકેના વિકાસ થયો છે તથા કેટલાક પ્રવાસ પર્યટનનું આયોજન કરે છે. જે તેના વિકાસમાં ઉમદા ભાગ ભજવે છે.

કુદરતે પણ ગુર્જરભૂમિને મુક્ત હસ્તે સૌદર્ય બક્ષ્યું છે. જેના કારણે આજે પ્રવાસન ક્ષેત્રે પણ ગુજરાત આગળ વધી રહ્યું છે. સરકારશ્રીના અથાગ પ્રયત્ન તથા મહેનત ના કારણે આજે દેશ-વિદેશના આજના યંત્રવત જીવનની તમામ મુશ્કેલી, ચિંતા, ઉચાટ જવાબદારીને ભૂલી ને કુદરતી સૌદર્યનું મુક્ત દિલથી માણવા તેનું સૌદર્ય નિહાળવાનો પ્રયત્ન કરે છે.

આમ, માનવજીવનમાં પ્રવાસન એક અગત્યનું સ્થાન ધરાવે છે.

**પ્રવાસનનો અર્થ અને વ્યાખ્યા :-**

- મુસાફરી પ્રવાસ, પ્રવાસન, સફર વગેરે જેવા શબ્દોના ઉપયોગ પ્રવાસન માટે કરવામાં આવે છે. પરંતુ તે વ્યક્તિગત સ્વરૂપમાં હોય છે. જયારે પ્રવાસન એ સામુહિક સ્વરૂપમાં પ્રયોજાય છે.

**અર્થ :-**

- પ્રવાસનને અગ્રેજી ભાષામાં 'Toursim' કહે છે. જયારે પ્રવાસને 'Tour' કહેવામાં આવે છે.
- 'Tour' શબ્દ હિબ્રુ ભાષાનો છે. જે 'Tourah' શબ્દ પરથી ઉતરી આવ્યો છે જેનો અર્થ થાય છે અધ્યયન અથવા તો નવી ખોજ. [1]

**વ્યાખ્યા :-**

વિવિધ વિધ્વાનો દ્વારા પ્રવાસન સંદર્ભમાં વિભિન્ન વ્યાખ્યાઓ આપવામાં આવી છે, જેમકે

- "પ્રવાસન અવેજી ઘટનાઓ અને સબંધોનો સમૂહ છે કે પરદેસીઓ ના આગમન અને રોકાણમાંથી જન્મે છે. જેમાં વ્યક્તિના કાયમી વસવાટ કે વ્યવસાયનો ઉનેશ્ય હોતો નથી" [2]

**- હેન્ઝફ્રર અને કાફ્ટ**

- પ્રવાસ એ પ્રવાસીઓના પ્રવેશ, રોકાણ અને હેરફેર સાથે સંકળાયેલ છે.

**- હર્મેન્ન બી. શુલારડ**

આમ, ઉપર મુજબ વિવિધ વિધ્વાનો એ પ્રવાસન સંદર્ભમાં વ્યાખ્યાઓ આપી તેનું મહત્વ સમજાવવા પ્રયત્ન કરેલ છે.

**કચ્છ પ્રવાસન :-**

**"કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા"**

- ઉપરોક્ત પંક્તિમાં જ કચ્છની મહત્તા બતાવાઈ છે કે કુદરતે પણ કચ્છને છુટા હાથે, કુદરતી સૌન્દર્ય બક્ષ્યું છે. નદી, સરોવર, દરિયો, ડુંગરા, ખનીજ દરેક બાબતમાં કુદરતે કચ્છને મન મુકીને આપ્યું છે.
- પ્રવાસ પર્યટન માનવજીવનનું એક અભિન્ન અંગ બની ગયું છે ત્યારે ગુજરાત પ્રવાસન વિભાગ પણ પ્રવાસન ક્ષેત્રને ઉતેજન આપવા કમરકસી રહ્યું છે ત્યારે કચ્છમાં આજે પ્રવાસન ક્ષેત્રના ઉદય થયેલા જોવા મળે છે. કચ્છ બાબતે કહેવામાં આવ્યું છે કે 'કચ્છડો બારે માસ'

- કચ્છ માં કુદરતે એક તરફ વિશાળ રણ વિસ્તાર આપેલ છે તેની સામે સુંદર દરિયા કિનારો પણ તેને આપેલ છે જયારે ઉનાળામાં અન્ય તફર રણ વિસ્તાર ગરમીમાં તાપી રહ્યો હોય છે ત્યારે સામે કાંઠે દરિયા કિનારાની ઠંડી આબોહવા વાતાવરણને સમ અને ખુશનુમા બનાવે છે.
- કચ્છ વિસ્તારને કુદરતે અનમોલ ભેટ આપી છે. જેના કારણે કચ્છમાં દરિયા કિનારાના કારણે બારેમાસ વાતાવરણ સમ અને આનંદદાયક રહે છે તથા પ્રવાસીઓને આકર્ષે છે.[૩]
- આજે ગુજરાત સરકાર તથા પ્રવાસન વિભાગના પ્રયત્નને કારણે આજે માત્ર દેશના જ નહિ પણ વિદેશના લોકો પણ કચ્છની મુલાકાતે આવવા લાગ્યા છે તથા કચ્છના સૌંદર્ય તથા કુદરતની ભેટની મજા માણે છે. તે પછી માંડવી દરિયા કિનારો, નારાયણ સરોવર, કરો ડુંગર કે પછી માતાના મઢ હોય ટે દરેક જગ્યાએ પ્રવાસન આનંદ મેળવે છે.
- આમ, કચ્છ પ્રવાસન ક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવે છે.

**ગઢશીશાના કિલ્લાનો ઈતિહાસ :-**

કચ્છ પ્રદેશ એક આગવું ઐતિહાસીક મહત્વ ધરાવતા પ્રદેશ છે કચ્છમાં શિલ્પ સ્થાપત્યો મહેલો અને કિલ્લોઓમાંનો પ્રદેશ છે સિંહ સાથે વગર હથિયારે બાથ લેનાર ભડવીર હાવજો આ કચ્છ પ્રદેશ માં પાક્યા છે જેને સિંહ નું માથું વાઢી કિલ્લા નાં પાયામાં ચણી દીધું જેના પરથી તે ગામનું નામ શીર્ષાગાઢ ને ત્યાર બાદ તે ગઢશીશા તરીકે જાણીતું બન્યું તે કિલ્લાની આપણે વાત કરવી છે.[4]

કચ્છમાં ભુજીયો, કંથકોટ, મણિયારો, બેલારીગઢ, રોહાગઢ, ચિત્રોડને કાનમેર નો કિલ્લાઓ આવેલા છે જેમાં આજ આપણે ડુંગરી કિલ્લામાં આવેલ ગઢશીશા નાં કિલ્લાની વિશેષ માહિતી મંગાવીએ.

**નામ કારણ :-**

ગઢશીશા નું મૂળ નામ સિંહ શીર્ષાગઢ છે જેને મતલબ ગઢના પાયામાં સિંહ નું માથું દાટેલ છે એવા ગઢ લોક વાયકા છે કે ક્રાંતિકરી ૧૮૫૭ નાં બળવા બાદ અંગ્રેજો ઈનામ જાહેર કરેલ એ સમયે ક્રાંતિકારી ઓ એ કરછ માં જુદી જુદી જગ્યાએ આશરો લીધો હતો. તેમાં એક ક્રાંતિકારી ગઢમાં આશરો લીધો હતો તેમાં એક ક્રાંતિકરી અહી ગઢ નાં આશરે લીધો એ સમયે એક બનાવ બન્યો ગઢ ની ગાયો ને સિંહ મારી નાખતા આથી આ ક્રાંતિકારી એ સિંહ સાથે બાથોબાથ લડાઈ કરી સિંહ નું માથું વા વાઢી લીધું અને સિંહ નું માંથું ગઢના પાયામાં ચણી દીધું તે દિવસ થી આ ગઢ પર નાં કિલ્લા સિંહ શીર્ષાગઢ તરીકે ઓડખાય બાદ માં અપભ્રંશ થઈ ગઢશીશા નામ પડ્યું.[5]

**આશ્રય સ્થાન:-**

આ ગઢનો કિલ્લો એક આશ્રય સ્થાન તરીકે પણ પ્રખ્યાત છે. સંકટનાં સમયે પણ આ કિલ્લા એ દરેક ને આશરો આપેલ છે. જેમાં ક્રાંતિકારી હોય કે પછી રાજવી પરિવાર હોય દરેક ને આશ્રય આપેલ છે. મહારાવ શ્રી ગોડજી પહેલાના કુંવર મહારાવ

Vol. 03, Issue 02, September 2021
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info… www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

રાયધનજી બીજા ગાદીએ બેઠા તેમાં ઈસ્લામ ધર્મ નાં પ્રભાવ માં હતા તેથી તેમાં કચ્છ વાસી ને મુસ્લીમ બનાવવા માંગતા હતા આથી પ્રજાપર જોરજુલમ કરતા જેથી કરછની પ્રજા એ તેમને કેદ કરી તેમના ભાઈ પૃથ્વીરાજજી ને કરછનાં રાજા તરીકે ઘોષિત કર્યો જે સમય બારભાયા રાજનો સમય કહેવાય જે ભાઈજી બાવા તરીકે પણ ઓળખાયા જેમના રાની પુરાબા ને પસંદ ન પડતા તેમને રિસાઈ ને ગઢશીશા નાં આશરો લીધો ને તેમની સુરક્ષા માટે ગઢશીશા માં ડુંગર પર કિલ્લો બાંધવા માં આવ્યા હતા જેના સમય ઈ .સ.૧૭૯૪ હતા.[6]

વડોદરાનાં હનવંતરાવ ને અંગ્રેજો સાથે અણબનાવ થતા તેમાં વડોદરા મૂકી ગઢશીશામાં આશરો લીધો હતો તેમાં પોતાની સાથે બે રાણીઓ તથા ખજાનો લાવ્યા હતા.હનુવંતરાય નાં પિતાજી માંલ્લારરાવ કાયાજી સાથે લશ્કરી મદદ આપી કરછ પર ચડાઈ કરાવવામાં ભાગીદાર બન્યા હતા.આમ છતા તેમના પુત્ર ને કરછ માં આશરો આપવામાં આવ્યો હતો. હનુવંતરાય થોડા સમય ગઢશીશા માં રહ્યા ત્યાં તેમનું અચાનક અવસાન થતા તેમની પાછળ એક પત્ની સતી થયા અને બીજી પત્ની યાત્રાએ નીકળી ગયા જેના પાળિયા આજ પણ ગઢશીશા નાં કિલ્લા માં હયાત છે.[7]

મહારાવ ભારમલજી બીજાના ભાઈ લધુભાનુ આરબે ખૂન કર્યું આ ભારી પરિસ્થિતિમાં લધુભાની વિધવાને ભુજ માં રહેવું સલામત ભર્યું લાગ્યું નહિ. આથી બાઈ તથા તેના કુટુબીજનોએ ભુજ છોડી ગઢશીશા આશરો લીધો હતો.

**સમાપન:-**

આમ ગઢશીશા નો કિલ્લો ઐતિહાસિક દ્રષ્ટીએ ખુબજ મહત્વ ધરાવે છે જેના કરછ નાં રાજકીય ઐતિહાસિક માં પણ પોતાનું આંગવું સ્થાન તથા ઘટના ઓ સાથે સકળાયેલ રહ્યો છે બીજી બાજુ ભુજ મધ્ય તો તે ખરાબ પરીસ્થિતિમાં એક આશ્રય સ્થાન રૂપ પણ બન્યો છે.

**પાદનોંધ**


૧. પાંડે,અનુપમ ,પર્યટન કા સ્વરૂપ,ડિસ્કવરી પબ્લિસિંગ હાઉસ,નઈ દિલ્હી, ૨૦૦૭,પૃ-૨-૩

૨. વસાવા ,બિપિન કે.,રાજપીપળા તાલુકાના પ્રવાસનસ્થળો; એક અતિહાસિક અધ્યન,ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ ,મ.દે.સમાજસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિધ્યાપીઠ, અમદાવાદ, વર્ષ-૨૦૧૪ -૨૦૧૫

3. કચ્છ તારી અસ્મિતા કચ્છમિત્ર, વિશેષાંક, વર્ષ-૨૦૧૬

૪. કચ્છ સંસ્કૃતિ પત્રિકા દિવાળી વિશેષાંક પૃ-૬

૫. ઉપરોક્ત પૃ-૬

૬. ઉપરોક્ત પૃ-૭

૭. ઉપરોક્ત પૃ-૮

**સંદર્ભસૂચી**


૧. કચ્છ તારી અસ્મિતા

૨. કચ્છડો બારે માસ

૩. વર્તમાન કચ્છ

૪. નકશામાં ભારત

૫. દેસાઈ મહેબુબ કોરટ, પી.જી. ઈતિહાસમાં પ્રવાસન વિનિયોગ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર પ્રા. આ. ૨૦૦૪

૬. જસદણ તાલુકાના પ્રવાસન સ્થળોનો એક અભ્યાસ, ક.રા.કહીલા, ગુ.વિ.મ.દે.મ.વિ. ઈતિહાસ અને સ.વી.

૭. કચ્છ સંસ્કૃતિ પત્રિકા દેવદિવાળી વિશેષાંક ૨૦૧૮ અંક ૪ ૧૯મી નવેમ્બર.